રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# જાહેર સ્વાસ્થ્યલક્ષી કામગીરીના હિતમાં આરોગ્ય અધિકારીઓની રજા મંજુર કરવાની પ્રણાલીમાં ફેરફાર કરતા મ્યુનિ. કમિશનરશ્રી

તારીખ: ૧૧-૧૧-૨૦૧૯

રાજકોટ મહાનગરપાલિકાની જાહેરક્ષેત્રની વિવિધ કામગીરીઓ પૈકી જાહેર સ્વાસ્થ્ય લગત અનેકવિધ કામગીરી ગંભીરતાપૂર્વક થતી રહે અને તેમાં કોઈ બિનજરૂરી વિક્ષેપ ન સર્જાય તેવા આશય સાથે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલએ જાહેર સ્વાસ્થ્યલક્ષી કામગીરીના હિતમાં આરોગ્ય અધિકારીઓની રજા મંજુર કરવાની જે પ્રણાલી હાલ અમલમાં છે તેમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. આ નવા બદલાવ મુજબ હવેથી આરોગ્ય અધિકારીશ્રી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓની રજા બાબતે તેમના ઉપરી અધિકારીશ્રીને બદલે હવેથી ખુદ મ્યુનિ. કમિશનરશ્રી જ નિર્ણય કરશે.

રાજકોટ મહાનગરપાલિકામાં પગારધોરણમાં ફરજ બજાવતા વર્ગ-૧ થી વર્ગ-૪નાં અધિકારી/કર્મચારીઓને જી.સી.એસ.આર.નાં નિયમોનુસાર રજા મળવાપાત્ર થાય છે. અલગ-અલગ પ્રકારની રજા મંજુર કરવા અંગેના અધિકારો મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા અધિકારીઓને સુપ્રત કરવામાં આવેલ છે. વર્ગ-૨નાં અધિકારીઓની રજા મંજુર કરવાની સત્તા તેઓના વર્ગ-૧ કક્ષાનાં નિયંત્રણ અધિકારીને સુપ્રત કરવામાં આવેલ છે. વર્ગ-૨ નાં અધિકારીઓની રજાની માંગણી અન્વયે સંબંધિત અધિકારીની રજા ફાઈલે નોંધ તૈયાર કરાવી નિર્ણય અર્થે નિયંત્રણ અધિકારી સમક્ષ રજુ કરવા અને આનુષાંગિક રેકર્ડ રજા ફાઈલે નિભાવવાની પ્રણાલી હાલમાં અમલમાં છે.

શહેરની આરોગ્યલક્ષી કામગીરી માટે મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા આરોગ્ય શાખાના વર્ગ-૧ અને ૨ કક્ષાના અધિકારીઓનાં દેખરેખ તથા નિયંત્રણ હેઠળ કામગીરી કરવામાં આવે છે. હાલ નિયત કાર્યપ્રણાલી અનુસાર આરોગ્ય શાખાના વર્ગ-૨ કક્ષાના અધિકારીઓની રજા તેઓના વર્ગ-૧ કક્ષાના નિયંત્રણ અધિકારી દ્વારા મંજુર કરવામાં આવે છે. જાહેર સેવાના હિતાર્થે તથા વહીવટી સરળતા ખાતર આ હુકમથી આરોગ્ય શાખાના આરોગ્ય અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીઓની રજાની માંગણી અન્વયે સબંધિત અધિકારીની રજા ફાઈલે નોંધ તૈયાર કરાવી નિર્ણય અર્થે મ્યુનિ. કમિશનરશ્રી  સમક્ષ રજૂ કરવાનું ધોરણ અપનાવવા હુકમ કરવામાં આવેલ છે.

રજા મંજુરીની વહીવટી કાર્યવાહીમાં વિલંબ થાય નહીં તે માટે ઉક્ત વિગતેના અધિકારીઓએ તેઓની હક્ક રજાની માંગણી ઓછામાં ઓછા ૧૫ (પંદર) દિવસ પહેલા મ્યુનિ. કમિશનરશ્રી સમક્ષ રજુ કરવાની રહેશે, તેમ પણ હુકમમાં જણાવાયું છે.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા